

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-33 ■ તા. 07-08-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### ફોજદારી કેસમાં

## સંસદના સત્ર દરમિયાન પણ સાંસદની સામાન્ય નાગરિકની જેમ જ ધરપકડ થઇ શકે : વૈંકેયા નાયડુ



નવીદિલ્હી,તા. ૬

નેશનલ હેરાલ્ડ કેસમાં રાજયસભામાં કોંગ્રેસના નેતા મલ્લીકાર્જુન ખડગેને હેરાલ્ડ હાઉસ ખાતે ઉપસ્થિત રહેવા એનફોર્સમેન્ટ દ્વારા પાઠવવામાં આવેલા સમન્સને યોગ્ય ગણાવતા રાજયસભાના અધ્યક્ષ શ્રી એમ. વૈંકેયા નાયડુએ સ્પષ્ટ કર્યું હતું કે અપરાધિક કેસોમાં સાંસદોને કોઇ વિશેષાધિકાર રહેતો નથી અને સત્તાવાર એજન્સી સાંસદની ધરપકડ પણ કરી શકે છે. રાજયસભામાં બંધારણની કલમ ૧૦૫નો હવાલો અપાયો : ફક્ત દિવાની કેસમાં સાંસદોને સંસદીય સત્રના ૪૦ દિવસ પૂર્વે અને ૪૦ દિવસ બાદ ગિરફતારી ન થઇ શકે

નાયડુએ રાજયસભામાં સ્પષ્ટ કર્યું કે કેટલાક દિવસોથી સાંસદોના વિશેષાધિકારના મુદ્દે દ્વિધાભર્યા અહેવાલો આવી રહ્યા છે અને એક એવી ખોટી ધારણા બનાવવામાં આવી રહી છે કે તપાસ એજન્સીઓ સંસદના સત્ર દરમિયાન સાંસદોની સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરી શકે નહીં. શ્રી નાયડુએ બંધારણની કલમ ૧૦૫નો હવાલો આપતા કહ્યું કે કોઈપણ સાંસદને તેના સંસદીય કામકાજ માટે વિશેષ અધિકાર આપવામાં આવ્યા છે અને આ વિશેષ અધિકાર સંસદની સત્ર કે સંસદીય સમિતિની બેઠક શરુ થવાના ૪૦ દિવસ પહેલા અને તે પૂર્ણ થયા બાદ ૪૦ દિવસ બાદ દિવાની કેસોમાં સાંસદની ધરપકડ થઇ શકતી નથી.

પરંતુ નાયડુએ સ્પષ્ટ કર્યું કે આ જોગવાઈ ફોજદારી પ્રકારના કેસોમાં લાગુ થતી નથી. આ પ્રકારના કેસમાં સાંસદોને કોઇ વિશેષ અધિકાર મળતાનથી અને તેનો કેવાનો અર્થ એમ છે કે કોઈપણ ફોજદારી કેસોમાં કાર્યવાહી સમયે સાંસદ એ સામાન્ય નાગરિક હોય છે અને તેને સંસદીય સત્ર કે સમિતિની બેઠક સમયે પણ ધરપકડ કરી શકાય છે, સમન્સ મોકલી શકાય છે અને તેની પૂછપરછ પણ કરી શકાય છે.

શ્રી નાયડુએ કહ્યું કે ૧૯૬૬માં રાજયસભાના તત્કાલીન અધ્યક્ષ ડો. ઝાકીર હુસેને સ્પષ્ટ કર્યું હતું કે કોઈપણ સદસ્ય તેની સંસદીય કાર્યવાહીને આગળ ધરીને તપાસ એજન્સી સમક્ષ રજૂ થવાનો ઈન્કાર કરી શકે નહીં.

નાયડુએ એ પણ જણાવ્યું કે દેશમાં કાનૂન અને વ્યવસ્થાની પ્રક્રિયાનું પાલન થવું જરુરી છે અને તે બાબત તમામ નાગરિકોને લાગુ પડે છે. જો તપાસ એજન્સીઓ સંમત થતી હોય તો તેની સમક્ષ રજૂ તવા માટે તારીખ કે મુદત માગી શકાય છે પરંતુ તે માટે અદાલતી પ્રક્રિયાને અનુસરવું જરુરી છે. હાલમાં જ મહારાષ્ટ્રમાં શિવસેનાના સાંસદ સંજય રાઉતની કરાયેલી ધરપકડ સમયે પણ આ મુદ્દો ઉઠ્યો હતો.

જયારે સંસદીય સત્ર દરમિયાન જ એન્ફોર્સમેન્ટ વિભાગે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીની પુછપરછ કરી હતી અને છેલ્લા કેટલાક દિવસથી આ મુદ્દે લોકસભા અને રાજયસભામાં વિપક્ષ દ્વારા અનેક વખત પ્રશ્ન ઉઠાવાઈ રહ્યો છે તેથી રાજયસભા અધ્યક્ષ દ્વારા કાનૂન સ્પષ્ટ કરીને ભવિષ્યમાં આ પ્રકારના મુદ્દાઓ ગૃહમાં ન ઉઠાવવાનો પણ સંકેત આપી દીધો હોય તેવું માનવામાં આવે છે.

## પત્ની, દિકરીનું માથું વાઢ્યું, પત્નીનું માથું લઈ સાસરે પહોંચ્યો

પટણા,તા.૬

મધેપુરામાં એક પતિએ તેની પત્ની અને દિકરીનું માથું વાઢીને તેમની હત્યા કરી દીધી છે. એટલું જ નહીં, આરોપી પત્નીનું કપાયેલું માથું લઈને તેના સાસરે પહોંચ્યો હતો અને ઘરેથી ૨૦૦ મીટર દૂર એક પુલ પર રાખીને ભાગી ગયો હતો. કપાયેલા માથા નીચે એક ચિઠ્ઠી પણ મુકી હતી. મધેપુરામાં આરોપીના ઘરમાં પત્નીનું ધડ પડ્યું હતું અને દિકરીનું કપાયેલું માથું ટેબલ પર મુક્યું હતું. માનવામાં આવે છે કે, પત્નીના આડા સંબંધોના કારણે પતિએ આ બંનેની હત્યા કરી હતી.

શનિવારે સવારે આરોપી પતિ મહિલાનું કપાયેલું માથું લઈને તેના મધેપુરવાળા ઘરેથી લઈને તેના સાસરે ગોઢઈલા ગામ પહોંચ્યો હતો. મહિલાના પિયરના ઘરના ૨૦૦ મિટર પહેલાં એક પુલ પર પતિ આ કપાયેલું માથું મૂકી ભાગી ગયો હતો. મોર્નિંગ વોક પર નીકળેલા લોકોએ મહિલાનું કપાયેલું માથું જોયું તો આખા ગામમાં હોબાળો શરૂ થઈ ગયો હતો. માહિતી મળતાં જ પોલીસ ઘટના સ્થળે પહોંચી અને મહિલાનું કપાયેલું માથું લઈને તેના સાસરે માધેપુરવાળા ઘરે પહોંચ્યાં તો જોઈને દંગ રહી ગયા હતા. ત્યાં દિકરીનો મૃતદેહ પણ મળ્યો હતો.

પત્ની અને દિકરીની હત્યા પછી પતિ ટ્રેનથી ક્યાંક ભાગી ગયો છે. મૃતકોની ઓળખ મો. જિબ્રાહિલની પત્ની રુકસાના (ઉંમર ૩૦ વર્ષ) અને દિકરી જીયા (૪ વર્ષની) તરીકે થઈ છે. ઘટના સ્થળેથી એક લોહી વાળી ચિઠ્ઠી પણ મળી છે. તેમાં અમુક વિવાદિત વાતો લખી છે અને સાથે લખ્યું છે શાનદાર, જબરજસ્ત.

પિયરના લોકોનું કહેવું છે કે, જિબ્રાહિલ અને રુકસાનાના નિકાહ ૧૨ વર્ષ પહેલાં થયા હતા. નિકાહ પછી ૩ બાળકો પણ હતા. બે દિકરા તેમના કાકાના ઘરે રહીને ભણતાં હતા. જ્યારે દિકરી માતા-પિતા સાથે માધેપુરવાળા ઘરે રહેતી હતી. લગ્ન પછી નાની-મોટી વાતે પતિ-પત્ની વચ્ચે ઘણી વાર ઝઘડા થતાં હતા.જિબ્રાહિલ બીજા રાજયમાં સિલાઈ કામ કરતો હતો. તેનાથી જ ઘર ચાલતું હતું. તે વચ્ચે વચ્ચે ઘરે આવતો હતો. ગયા વર્ષે તે ઘરે આવ્યો પછી તે કામ પર નહતો ગયો. સ્થાનિક લોકોનું કહેવું છે કે, જિબ્રાહિલ તેની પત્ની પર શંકા કરતો હતો. આ વાતે ઘણી વખત વિવાદ થતો હતો. શંકા છે કે શુક્રવારે રાતે બંને વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારપછી તેણે પત્ની અને દિકરીની હત્યા કરી દીધી હતી.

મૃતક રુકસાનાના ભાઈએ કહ્યું કે, મારી બહેનની હત્યા કેમ કરાઈ તેનું હજી કોઈ ચોક્કસ કારણ જાણવા નથી મળ્યું. પિતાનું કહેવું છે કે, તેમનો જમાઈ ખૂબ બદમાશ હતો. તે સતત તેની છોકરીને પરેશાન કરતો હતો. તેથી જ મારી દિકરી તેના પતિ સાથે સાસરે જવા નહતી માંગતી. આ જ કારણથી તે ૧૫ દિવસ પહેલાં જ પિયર આવી ગઈ હતી, પરંતુ જ્યારે પતિ તેમના ગામના અમુક લોકો સાથે આવ્યો ત્યારે તેમણે વિશ્વાસ અપાવ્યો હતો કે તેમની દિકરી સાથે કોઈ ખરાબ વર્તન કરવામાં નહીં આવે, તેથી અમે અમારી દિકરીને સાસરે મોકલી.

દિકરીને સાસરે મોકલ્યાના પછીના દિવસે અમે અમારા નાના દિકરાને પણ ત્યાં મોકલ્યો હતો. પરંતુ ત્યારે ત્યાનું વાતાવરણ બધુ યોગ્ય લાગ્યું હતું. પરંતુ હવે આજે સવારે જ દિકરી અને પૌત્રીની હત્યાના સમાચાર મળ્યા.

ઘટનામાં મધેપુરા એસપી રાજેશ કુમારે જણાવ્યું કે, મા-દિકરીના મૃતદેહો ક્ષત-વિક્ષત હાલતમાં મળી છે. શંકા છે કે ઘરના ઝઘડામાં પતિએ બંનેની હત્યા કરી દીધી છે. આરોપીને શોધવામાં આવી રહ્યો છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી દેવામાં આવ્યા છે. આ ઘટના વિશે અમુક લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે.

## તિરંગા અભિયાન : ૧૪ ઓગસ્ટે સાંજે ધ્વજ સાથે રાષ્ટ્રગીત ગાવાની કેજરીવાલની અપીલ



નવીદિલ્હી,તા.૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં હર ઘર તિરંગાનું અભિયાન શરૂ કર્યું છે. ૭૫માં આઝાદી પર્વની ઉજવણીના નામે વડાપ્રધાન મોદીએ એવી સોગઠી મારી છે કે દેશભક્તિની વાત હોવાથી વિરોધ પક્ષો પણ વિરોધ કરી શકે તેવી સ્થિતિમાં નથી. એવામાં આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રીએ પણ જાહેરાત કરી કે અમે દિલ્હીમાં ૨૫ લાખ ધ્વજ વ્હેંચીશું અને સાથે એવી વિનંતી પણ કરી કે સ્વતંત્રતા દિવસના આગલા દિવસે એટલે કે ૧૪ ઓગસ્ટે ધ્વજ સાથે રાષ્ટ્રગીત ગાઈશું.

તિરંગા અભિયાનને લઈને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે તેઓ લોકોને અપીલ કરે છે કે સ્વતંત્રતા દિવસના એક દિવસ પહેલા ૧૪ ઓગસ્ટે સાંજે ૫ વાગે દરેક ભારતીય પોતાના હાથમાં તિરંગો લઈને રાષ્ટ્રગીત ગાવું જોઈએ. દિલ્હીમાં અમે મોટા પાયે તિરંગાનું વિતરણ કરીશું, આ માટે દિલ્હી સરકાર ૨૫ લાખ તિરંગા લોકોને દિલ્હીમાં વ્હેંચવામાં આવશે.

પ્રેસ કોન્ફરન્સ કરતા કેજરીવાલે કહ્યું કે આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસર પર દિલ્હી સરકાર ૨૫ લાખ તિરંગાનું વિતરણ કરશે.

આ અવસર પર દિલ્હીની શાળાના બાળકો અને રસ્તાઓ પર લોકોને રાષ્ટ્ર ધ્વજ આપવામાં આવશે. આખી દિલ્હી ૧૪મી ઓગસ્ટે સાંજે ૫ વાગ્યે તિરંગા સાથે મળીને રાષ્ટ્રગીત ગાશે. મુખ્યમંત્રીએ કહ્યું, આપણે બધા ભારતને વિશ્વમાં શ્રેષ્ઠ અને નંબર ૧ રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ લઈશું.

આ સાથે મુખ્યમંત્રીએ કહ્યું કે આઝાદીની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે આપણે યાદ રાખવું પડશે કે જ્યાં સુધી દરેક બાળકને સારું શિક્ષણ ન મળે, દરેક ભારતીયને સારી સારવાર ન મળે, દરેક ઘરમાં વીજળી ન મળે, દરેક સ્ત્રીને સુરક્ષા ન મળે અને દરેક બેરોજગારને રોજગાર નહીં મળે ત્યાં સુધી ભારત વિશ્વમાં નંબર ૧ રાષ્ટ્ર નહીં બની શકે.

દિલ્હી સરકારનો સૌથી મોટો તિરંગા કાર્યક્રમ ગુરુવારે યોજાવાનો હતો પરંતુ આ કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો હતો.

વરસાદને કારણે પાણી ભરાઈ જતા કાર્યક્રમ મુલતવી રાખવો પડ્યો હતો. બુરારી ગ્રાઉન્ડ જ્યાં કાર્યક્રમ યોજાવાનો હતો તે વરસાદને કારણે પાણી ભરાઈ ગયું હતું, જેના કારણે ગુરુવારે કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હર ઘર તિરંગા કાર્યક્રમને સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને ભાજપે દેશભરમાં બાઇક રેલી કાઢીને અભિયાનને વધારે વેગવતું બનાવ્યું હતું.

## મુખ્યમંત્રી હાજર હતાં ત્યારે કોંગ્રેસી નેતાએ શરીર પર કેરોસિન છાંટ્યું

જામનગર,તા.૬

રાજયભરમાં લમ્પી વાઈરસે હાહાકાર મચાવ્યો છે, ત્યારે આજે જામનગર કલેક્ટર કચેરી ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને જિલ્લા કલેક્ટરની બેઠક યોજાઇ હતી. આ દરમિયાન શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાએ આત્મવિલોપન કરવાનો પ્રયાસ કર્યો હતો. દિગુભા જાડેજા પોતાના શરીર કેરોસિન પણ છાંટી દીધુ હતું. જોકે, આત્મવિલોપન કરે તે પહેલાં જ પોલીસે તેમની અટકાયત કરી હતી. આ દરમિયાન કલેક્ટર કચેરી બહાર ભારે હોબાળો મચતાં લોકોનાં ટોળાં એકઠા થયાં હતાં.કલેક્ટર કચેરીના બીજા માળે મુખ્યમંત્રી અને જિલ્લા કલેક્ટરની બેઠક ચાલી રહી હતી, ત્યારે જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા પોતાની કાર લઇને કચેરીએ આવ્યા હતા. આ દરમિયાન તેમની સાથે કોંગ્રેસના મહામંત્રી પણ હાજર હતા. ત્યારે દિગુભા જાડેજાએ કેરોસિનનું ડબલુ પોતાના શરીરે છાંટીને આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. ભારે હોબાળો થતાં પોલીસે બંનેની અટકાયત કરી છે. જોકે, મુખ્યમંત્રી અને જિલ્લા કલેક્ટરની બેઠક હજુ ચાલુ છે.રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રપટેલે આજે જામનગર જિલ્લામાં લમ્પી વાયરસની સ્થિતિનું નિરીક્ષણ કરવા અર્થે શહેરની મુલાકાતે છે. મહાનગપાલિકા દ્વારા શહેરના ગોલ્ડન સીટી પાછળ, સોનલનગર ખાતે લમ્પી વાયરસ સારવાર કેન્દ્ર ઊભું કરવામાં આવ્યું છે. જેની મુખ્યમંત્રીએ મુલાકાત લઈ પશુઓની સારવાર માટે ઊભા કરવામાં આવેલી તમામ પ્રકારની સુવિધાઓનું નિરીક્ષણ કરી લગતા અધિકારીઓ તેમજ પશુપાલન વિભાગને જરૂરી સૂચનો કરી પશુઓની યોગ્ય રીતે કાળજી લેવા જણાવ્યું હતું.જામનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૧ લાખ ૩૮ હજાર ૧૭૬ પશુઓમાં લમ્પી વાયરસ ફેલાયો છે. જેમાંથી ૧૧ હજાર ૪૫૬ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. તેમજ અસરગ્રસ્ત તમામ ૫૪૦૫ પશુઓને પશુપાલન વિભાગ દ્વારા સારવાર આપવામાં આવી છે.

## ઉતરપ્રદેશમાં રક્ષાબંધન પર મહિલાઓ ૨ દિવસ સુધી ફ્રીમાં મુસાફરી કરી શકશે

લખનૌ,તા.૬

છેલ્લા ઘણા વર્ષોની જેમ આ વર્ષે પણ યુપીની યોગી આદિત્યનાથ સરકારે રક્ષાબંધનના અવસર પર મહિલાઓને મોટી ભેટ આપી છે. સરકારે જાહેરાત કરી છે કે આ વખતે પણ મહિલાઓ રક્ષાબંધન પર ઉત્તર પ્રદેશ રાજય માર્ગ પરિવહન નિગમની તમામ પ્રકારની બસોમાં મફત મુસાફરી કરી શકશે. યુપી સરકાર દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, સીએમ યોગી આદિત્યનાથે રક્ષાબંધનના અવસર પર રોડવેઝ બસોની તમામ શ્રેણીઓમાં મહિલાઓ માટે મફત બસ મુસાફરીની સુવિધા ઉપલબ્ધ કરાવવાના નિર્દેશ આપ્યા છે.

રાજ્ય સરકારના પ્રવક્તાએ જણાવ્યું કે આ વખતે પંચક કારણોસર રક્ષાબંધન બે દિવસમાં પડી રહ્યું છે. તેથી, આ મફત સુવિધા મહિલાઓને ૨ દિવસ માટે પણ ઉપલબ્ધ રહેશે. પ્રવક્તાએ જણાવ્યું કે મહિલાઓ માટે ૧૦ ઓગસ્ટના રોજ બપોરે ૧૨ વાગ્યાથી ૧૨ ઓગસ્ટના રોજ રાત્રે ૧૨ વાગ્યા સુધી મફત બસ સેવા ઉપલબ્ધ રહેશે.પ્રવક્તાએ સ્પષ્ટતા કરી કે આ મફત સુવિધામાં યુપી રોડવેઝ હેઠળ ચાલતી તમામ એસી અને નોન-એસી બસોનો સમાવેશ થાય છે. એટલે કે જો મહિલાઓ ઈચ્છે તો આ સમયગાળા દરમિયાન તેઓ સરકારી એસી બસમાં મફત મુસાફરી કરી શકશે.સીએમ યોગીએ રક્ષાબંધન અને ૧૫મી ઓગસ્ટને ધ્યાનમાં રાખીને જાહેર વાહનો અને સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા કડક કરવા સૂચના આપી છે.

## ટેટુના કારણે એક સાથે ૧૨ લોકો એઈડ્સગ્રસ્ત થઈ ગયા !

નવીદિલ્હી, તા.૬

ઉત્તરપ્રદેશના બનારસમાં ટેટુ બનાવ્યા બાદ ૧૨ લોકો એઈડ્સગ્રસ્ત થઈ જતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. બે મહિનામાં હોસ્પિટલમાં થયેલી સારવારમાં ૧૦ યુવક અને બે યુવતી એચઆઈવી સંક્રમિત મળી આવ્યા છે. હોસ્પિટલના ડાૅક્ટરોના જણાવ્યા પ્રમાણે તમામને એઈડ્સનો ચેપ ટેટુ બનાવ્યા બાદ લાગ્યો હતો. ટેટુ બનાવવા માટે સંક્રમિત નીડલનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાથી તેણે સૌને ચેપ લગાડ્યો છે.ડૉક્ટરોએ જણાવ્યું કે સંક્રમિત થયેલા તમામ લોકોએ તાજેતરમાં જ ટેટુ બનાવ્યા હતા જે પછી આ તમામ લોકોને સતત તાવ આવવાની સાથે જ નબળાઈ લાગી રહી હતી. જયારે તમામે ટેસ્ટ કરાવ્યો તો તેમનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. તપાસમાં એવો પણ ખુલાસો થયો છે કે આ તમામ સંક્રમિત લોકોએ કોઈ ફેરિયા કે પછી મેળામાં જઈને ટેટુ બનાવ્યું હતું. એકંદરે ટેટુ બનાવવા માટે ઉપયોગમાં લેવાયેલી સોઈ સંક્રમિત હોવાને કારણે આ તમામને ચેપ લાગ્યો છે.ટેટુ બનાવ્યા બાદ તમામને તાવ અને નબળાઈ લાગતાં દવા લીધી હતી પરંતુ તેનાથી કોઈ જ ફાયદો થયો નહોતો. ધીમે-ધીમે તેમનું વજન પણ ઓછું થઈ રહ્યું હતું. જ્યારે તેમની તબિયત ઠીક ન થઈ તો તેમણે એચઆઈવી ટેસ્ટ કરાવ્યો હતો જે પછી તમામમાં સંક્રમણનો ખુલાસો થયો હતો. એક સાથે ૧૨ લોકો સંક્રમિત થઈ જતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

લોકોએ ટેટુ બનાવતી સમયે એ ધ્યાન રાખવં જોઈએ કે ક્યાંક એક જ સોઈનો તો ઉપયોગ થઈ રહ્યો નથી ? સોઈ મોંઘી હોવાને કારણે અનેક લોકો એક જ સોઈથી એકથી વધુ લોકોનું ટેટું બનાવી નાખે છે જેના કારણે સંક્રમણ સરળતાથી ફેલાઈ જાય છે. સસ્તા ટેટુને કારણે લોકોની જિંદગી ઘણી જ મોંઘી પડી જાય છે.

## પીએમ કિસાન યોજનામાં 'મુસ્લિમ એજેન્ડા' શોધી રહ્યા હતા : અસદુદ્દીન ઓવૈસી




નવીદિલ્હી,તા.૬

પોતાના નિવેદનોથી અવારનવાર ચર્ચામાં રહેતા એઆઈએમઆઈએમના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ મોદી સરકારની સૌથી મોટી ખેડૂત યોજનામાં પણ મુસ્લિમ એજન્ડા શોધવાનો પ્રયાસ શરૂ કર્યો છે. અમે વાત કરી રહ્યા છીએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાની. જે અંતર્ગત અત્યાર સુધીમાં ૧૧.૩૭ કરોડ ખેડૂતોને ૨ લાખ કરોડ રૂપિયાથી વધુ સીધા તેમના બેંક ખાતામાં મોકલવામાં આવ્યા છે. ઓવૈસી જાણવા માંગે છે કે આનાથી મુસ્લિમોને કેટલો ફાયદો થયો. લોકસભામાં પૂછાયેલા આ પ્રશ્નનો કેન્દ્રએ યોગ્ય જવાબ આપ્યો છે.

જો કે, જવાબ એવો છે કે આ યોજનાને મુસ્લિમ એજન્ડામાં લપેટવાનો ઈરાદો પુરો નહીં થાય. વાસ્તવમાં, આ પહેલીવાર બન્યું છે કે જ્યારે કોઈ સરકારે ખેતી માટે ખેડૂતોના બેંક ખાતામાં સીધા પૈસા મોકલ્યા હોય, તે પણ આટલી મોટી રકમ. આ એક એવી યોજના છે જેમાં કોઈ રાજકારણી કે નોકરિયાત ખેડૂતોના નામે મોકલવામાં આવેલ એક રૂપિયો પણ ખોટો કરી શકે નહીં. તેનો ૧૨મો હપ્તો ખેડૂતોને આપવામાં આવનાર છે. પરંતુ, તે પહેલા ઓવૈસીએ આ યોજના અંગે ચોંકાવનારો સવાલ પૂછ્યો હતો.

અસદુદ્દીન ઓવૈસીનું સમગ્ર રાજકારણ મુસ્લિમોની આસપાસ ફરે છે. તેમણે હૈદરાબાદના સાંસદ તરીકે લોકસભામાં પૂછ્યું હતું કે સ્-કિસાન યોજનાની શરૂઆતથી અત્યાર સુધી મુસ્લિમ સમુદાયના લાભાર્થીઓની વર્ષવાર અને રાજયવાર કુલ સંખ્યા કેટલી છે? કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે આ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ તમામ ખેડૂત પરિવારોને આપવામાં આવે છે. લાભાર્થી ખેડૂત પરિવાર પાસે પોતાની ખેતીલાયક જમીન હોવી જોઈએ. આ યોજનાના ડેટાબેઝમાં લાભાર્થીઓનો ધર્મ નોંધાયેલ નથી.

વરિષ્ઠ પત્રકાર વિનોદ અગ્નિહોત્રી એક જગ્યાએ લખે છે કે "ચૌધરી મહેન્દ્ર સિંહ ટિકૈત મેરઠના સીડીએ ગ્રાઉન્ડમાં ખેડૂતોની ભીડ સાથે ધરણા પર બેઠા હતા, ત્યારે મંચ પરથી હર હર મહાદેવના નારાનો જવાબ કિસાન અલ્લાહુ અકબર સે અને અલ્લાહુ અકબરના નારાનો જવાબ હર હર મહાદેવના નારા સાથે આપતા હતા. ટિકૈત સ્મિત સાથે પત્રકારોને પૂછતા હતા કે હવે આ નારાઓથી રમખાણો કેમ નથી થતા? ત્યારે તે પોતે જ જવાબ આપે છે કે અહીં જે લોકો આવ્યા છે તે હિંદુ કે મુસ્લિમ નથી, તેઓ માત્ર ખેડૂતો છે. તેથી ખેડૂત તો ખેડૂત છે, તેઓને ધર્મમાં વહેંચી શકાય નહીં. જો કે એ વાત પણ સાચી છે કે મુઝફ્ફરનગર રમખાણો પછી પશ્ચિમમાં ખેડૂત વર્ગ હિંદુ અને મુસ્લિમમાં વહેંચાઈ ગયો છે.

હાલમાં, કેન્દ્ર સરકાર તેની કૃષિ યોજનાઓમાં એસસી એસટી અને મહિલા લાભાર્થીઓનો ડેટા જાળવી રાખે છે. જ્યાં સુધી પીએમ કિસાન યોજનાની વાત છે તો ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી, માત્ર ૧૨ ટકા લાભાર્થીઓ અનુસૂચિત જાતિના હતા. કારણ કે આ સમુદાયના મોટાભાગના લોકો ભૂમિહીન છે. પીએમ કિસાન યોજનામાં હજુ સુધી જમીનવિહોણા ખેડૂતોનોસમાવેશ કરવામાં આવ્યો નથી. તેવી જ રીતે, અનુસૂચિત જનજાતિના માત્ર ૧૦ ટકા જ લાભાર્થી હતા. જ્યારે મહિલા લાભાર્થીઓની સંખ્યા ૨૫% હતી. એઆઈએમઆઈએમના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી તેલંગાણાથી આવ્યા છે. ત્યાં પીએમ કિસાન યોજનાના લાભાર્થીઓમાં ૨૮ ટકા મહિલાઓ છે. એ જ રીતે ૧૫ ટકા જીઝ અને ૧૩ ટકા જી છે. પીએમ કિસાન યોજના હેઠળ, સરકાર બે હજાર રૂપિયાના ત્રણ હપ્તામાં વાર્ષિક ૬૦૦૦ રૂપિયા આપે છે.

# તંત્રી લેખ

## રાષ્ટ્રવાદના વિરોધની રણનીતિ

*વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને દરેક ઘરે તિરંગો ફરકાવવાની અપીલ કરી છે. આ અભિયાન ૧ ૩થી ૧૫ ઓગસ્ટ સુધી ચાલશે. હવે અપીલ વડાપ્રધાને કરી છે એટલે દેખીતું છે કે કોંગ્રેસ પાર્ટીએ પરંપરા અનુસાર તેનો વિરોધ તો કરવો જ પડે, એટલે તે કરી પણ રહી છે. કોંગ્રેસ એક એવા પક્ષનું ઉદાહરણ બની ગઈ છે, જેને જોઈને એટલું શીખી શકાય કે એક રાષ્ટ્રીય પાર્ટીએ કેવું ન હોવું જોઈએ! રાષ્ટ્રવાદના વિરોધને કોંગ્રેસે પોતાની રણનીતિ બનાવી લીધી છે. તે દરેક એ બંધારણીય સંસ્થાનો વિરોધ કરવા તૈયાર રહે છે, જે તેની આ રણનીતિના રસ્તામાં આવે. આઝાદીના અમૃત મહોત્સવ વર્ષમાં કોંગ્રેસે વિરોધ માટે હર ઘર તિરંગા અભિયાન પસંદ કર્યું. કોઈપણ દેશનો રાષ્ટ્રીય ધ્વજ તેના ગૌરવનું પ્રતીક હોય છે. કંઈક એવા પ્રતીક હોય છે, જે પક્ષીય રાજનીતિથી ઉપર હોય છે, પરંતુ કોંગ્રેસ તિરંગા અભિયાનનો પણ વિરોધ કરશે, કારણ કે તેની અપીલ વડાપ્રધાને કરી છે. તે કદાચ એ પણ ભૂલી ગઈ છે કે આઝાદીની લડાઈ રાષ્ટ્રવાદના મુદ્દાને કેન્દ્રમાં રાખીને લડવામાં આવી હતી. વિટંબણા અને કોંગ્રેસના પતનની પરાકાષ્ઠા જુઓ કે 'હર ઘર તિરંગા'નો વિરોધ થશે, પરંતુ 'હર ઘર સે અફઝલ નીકલેગા'નું સમર્થન થશે!*

*કોંગ્રેસ છેલ્લા ૭૫ વર્ષથી પહેલાં જનસંઘ અને પછી ભાજપને પૂછતી રહી છે કે આઝાદીના આંદોલનમાં તેનું શું યોગદાન રહ્યું છે? જ્યારે દેશ આઝાદીની લડાઈ લડીરહ્યો હતો તો તેમાં તેની શી ભૂમિકા હતી? જે કોંગ્રેસને સમજવા લાગ્યા છે, તેમને પાર્ટીના વરિષ્ઠ નેતા જયરામ રમેશની પ્રતિક્રિયા પર આશ્ચર્ય નહીં થાય. જયરામ રમેશે આ અભિયાનને પાખંડ ગણાવ્યું છે. તેઓ ૨૦૦૨માં થયેલ રાષ્ટ્રીય ધ્વજના નિયમોમાં બદલાવનો હવાલો આપીને ભાજપને ભાંડી રહ્યા છે. આ સંશોધન દ્વારા રાષ્ટ્રીય ધ્વજ ફક્ત ખાદીનો હોવાની અનિવાર્યતા ખતમ કરી દેવામાં આવી હતી, પરંતુ તેઓ એ નથી કહેતા કે દસ વર્ષ સુધી મનમોહન સરકારે તેને બદલ્યો કેમ નહીં? તેમણે આરએસએસના કાર્યાલયો પર ૫૨ વર્ષ સુધી તિરંગો નહીં લહેરાવવાનો મુદ્દો તો ઉઠાવ્યો, પરંતુ હજુ એક વર્ષ પહેલાં સુધી પોતાના પાર્ટી કાર્યાલય પર રાષ્ટ્રીય ધ્વજ નહિ લહેરાવનારી એ કોમ્યુનિસ્ટ પાર્ટીઓને સવાલ ન કર્યો, જે આજે કોંગ્રેસની સૌથી મોટી સલાહકાર છે.*

*આખરે જે કોંગ્રેસ આઝાદીની લડાઈના વારસા પર હક્ક કરે છે, તે હર ઘર તિરંગા અભિયાનનો વિરોધ કેવી રીતે કરી શકે? વડાપ્રધાન મોદીએ ઘેર ઘેર તિરંગો ફરકાવવાની અપીલ ૨૨ જુલાઈએ કરી હતી. એ જ દિવસે ૧૯૪૭માં બંધારણ સભાએ તિરંગાના હાલના સ્વરૂપને સ્વીકાર્યું હતું. તિરંગાની મૂળ ડિઝાઈન આંધ્રના પિંગલી વેંકૈયાએ પાંચ વર્ષ સુધી ત્રીસ દેશોના ઝંડાનું અધ્યયન કર્યા બાદ ૧૯૨૧માં તૈયાર કરી હતી. એ સમયે તેમાં ઉપર લાલ રંગ હતો અને વચ્ચે ચરખો હતો. બંધારણ સભાએ લાલની જગ્યાએ કેસરિયો અને વચ્ચે ચરખાની જગ્યાએ અશોકચક્ર મૂક્યું. કોંગ્રેસને આટલા વર્ષોમાં ક્યારેય વેંકૈયા યાદ નથી આવ્યા. વેંકૈયા પર ટપાલ ટિકિટ બહાર પાડવા માટે દેશે મોદીની સત્તા સુધી રાહ જોવી પડી!*

*સવાલ એ થાય છે કે શું કોંગ્રેસે આઝાદીની લડાઈના તમામ નાયકોની જેમ આઝાદીની લડાઈના વારસાનો દાવો પણ છોડી દીધો છે? જોકે કોંગ્રેસ ફક્ત મહાત્મા ગાંધીને છોડવાનું સાહસ ન કરી શકી. જોકે તેમના આદર્શોને તો તેણે આઝાદીના તરત બાદ જ છોડી દીધા હતા. ગાંધીજી જો લાંબા સમય સુધી જીવિત રહ્યા હોત તો કદાચ તેમણે એ જોવું પડ્યું હોત, જે લોકનાયક જયપ્રકાશ નારાયણને જનતા પાર્ટીએ દેખાડ્યું. આખરે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવવાની કોંગ્રેસની યોજના શી છે? શું ઈડીની તપાસનો વિરોધ તેનો અમૃત મહોત્સવનો સૌથી મોટો કાર્યક્રમ છે? કોંગ્રેસે કેટલાય મહિના પહેલાં દેશવ્યાપી આંદોલનનો કાર્યક્રમ બનાવ્યો હતો. તેના માટે દિગ્વિજય સિંહની અધ્યક્ષતામાં એક સમિતિની પણ રચના કરી હતી. શું આઝાદીના અમૃત મહોત્સવ માટે પણ તેણે કોઈ કાર્યક્રમ બનાવ્યો છે? દેશની સૌથી જૂની વિપક્ષી પાર્ટી પાસે આ ઐતિહાસિક વર્ષને મનાવવાનો કોઈ કાર્યક્રમ કેમ નથી?*

# આન્યા મૃણાલ -પ્રકરણ-3/ રાજુલ કૌશિક




મૃણાલ પણ ક્યારેક આન્યા જેવી જ અને આન્યા જેવડી જ હતીને? કેટલુ સુંદર બાળપણ એ જીવી હતી? શ્રીકાંત શ્રોફ અને ગાયત્રી શ્રોફની એક માત્ર દીકરી મૃણાલ. નાનકડો પણ હર્યોભર્યો સંસાર.

પતિ-પત્ની વચ્ચે સ્નેહ સાયુજ્ય કોને કહેવાય એ તો શ્રીકાંત શ્રોફ અને ગાયત્રી શ્રોફને જેણે જોયા હોય એ જ કહી શકે. શ્રીકાંત અને ગાયત્રી હંમેશાં માનતાં કે લગ્ન જીવનમાં સંબંધની સુંદરતા એમાં છે કે જ્યારે સાચા અર્થમાં પતિ–પત્ની એક બની રહે. પોતાની અંગત માન્યતા બીજા પર થોપવાના બદલે અન્યની માન્યતાને પ્રાધાન્ય આપે અને એ ત્યારે જ શક્ય બને જ્યારે પ્રેમમાં પોતાની જાતને અળગી કે વેગળી રાખવાના બદલે એકબીજામાં ઓગળી જવાની તૈયારી હોય. આ માત્ર કહેવાની વાત નહોતી પણ શ્રીકાંત અને ગાયત્રીએ એને જીવનમંત્ર તરીકે અપનાવી લીધી હતી.

શ્રીકાંતે ગાયત્રીને પણ ઘરમાં અને જીવનમાં એમના જેટલો જ મહત્વનો દરજ્જો આપ્યો હતો. સ્ત્રી દાક્ષિણ્યની ભાવના માત્ર કહેવા પૂરતી સીમિત રાખવાના બદલે સાચા અર્થમાં સિદ્ધ કરી હતી અને ત્યારેજ તો ગાયત્રી કલાક્ષેત્રે આગવું નામ અને સ્થાન પામી શક્યાં હતાં. આર્ટ ગેલેરીના દરેક એક્ઝિબિશનમાં ગાયત્રીનાં પેન્ટિંગ્સ હોવા જ જોઈએ એવો હંમેશા શ્રીકાંતનો આગ્રહ રહેતો અને એના માટે એમનો ઉમળકાભેર સાથ રહેતો. નાનકડી મૃણાલને સાચવવાથી માંડીને સ્કૂલે મોકલવાની જવાબદારી પણ એ ભારે હોંશથી ઉપાડી લેતા. નાનકડી મૃણાલને તૈયાર કરવામાં શ્રીકાંતને અનેરો આનંદ આવતો. મૃણાલની જવાબદારી મા તરીકે માત્ર ગાયત્રીની જ હોવી જોઈએ એવો ક્યારેય શ્રીકાંતે વિચાર પણ નહોતો કર્યો.

શ્રીકાંત શ્રોફ સેન્ટ ઝેવિયર્સ આર્ટ્સ કૉલેજના અત્યંત લોકપ્રિય પ્રોફેસર. આજકાલ કોને રસ છે લેક્ચર ભરવામાં? પણ જ્યારે શ્રીકાંત શ્રોફનો ક્લાસ હોય ત્યારે ભાગ્યેજ કોઈ વિદ્યાર્થી હશે કે ક્લાસની બહાર જોવા મળે. શ્રીકાંતસરના હાથમાં જે પુસ્તક આવતું એ પુસ્તકના શબ્દો જીવંત બની જતા. શ્રીકાંતસરના ઘેરા બુલંદ અવાજથી ક્લાસ રણકી ઉઠતો. ક્યારેક એ "ઝેર તો પીધા જાણી જાણી"ના સત્યકામ બની રહેતા તો ક્યારેક અચ્યુત. ક્યારેક "ગુજરાતનો નાથના "જયસિંહનો હુંકાર અવાજમાં ભળી જતો તો ક્યારેક મંત્રીશ્વર મુંજાલની મુત્સદી. જાણે પાત્રને આત્મસાત કરવાની સિદ્ધિ એમને વરી હતી. શહેરના અગ્રગણ્ય અખબારોમાં નિત આવતી એમની કોલમ કદાચ સૌથી વધુ વંચાતી કોલમમાંની એક હતી. જીવનના મર્મને એમણે સમજી જાણ્યો હતો, પચાવી જાણ્યો હતો અને એ જ સમજણ એમની કોલમમાં છલોછલ છલકાતી. એ હંમેશાં માનતા કે અજાણતા જ ખુલ્લા રહે ગયેલા દ્વારમાંથીજ સુખ પ્રવેશી જતું હોય છે. આ દ્વાર એટલે ઘરનાં જ નહી મનનાં પણ. મન મુક્ત રાખો આપોઆપ શાંતિ આવીને ગોઠવાઈ જશે.

ગાયત્રીના કેન્વાસ પર ઉભરેલા રંગો ક્યારેક શબ્દો બનીને શ્રીકાંતની કલમે વહેતા અથવા તો ક્યારેક શ્રીકાંતના શબ્દો ગાયત્રીના કેન્વાસ પર વહેતા. આવા સાહિત્ય અને કલાનો સાત્વિક સમન્વય હોય એવા ઘરમાં ઉછરેલી મૃણાલ નાનપણથીજ બીજી અન્ય છોકરીઓ કરતા જુદી તરી આવતી. ઘરઘર રમવાની ઉંમરે પણ મૃણાલે ક્યારેય ઢીંગલી માંગી નહોતી કે નહોતું ક્યારેય કિચન કેબિનેટ માંગ્યુ.

પપ્પાને લખતા અને વાંચતા જોઈ જોઈને એ પણ પરીકથાઓથી માંડીને એક હતો રાજાની વાર્તાઓ માંડતી થઈ હતી. પણ એ બધા કરતા એને સૌથી વધુ આકર્ષતી મમ્મી. મોટા કેન્વાસના ફલક પર રંગોની છટા વેરતી મમ્મીને એ બધુ જ ભૂલીને જોયા કરતી. ઘરની આસપાસ ઊગેલાં રંગબેરંગી ફૂલો કરતાં પણ એને મમ્મીના કેન્વાસના ફલક પર દેખાતા રંગો વધુ રળિયામણા લાગતા. આભમાં દેખાતા સપ્તરંગી મેઘધનુષ્ય કરતા મમ્મીએ પાથરેલી રંગાવલીથી એનુ મન વધુ મોહી જતું.

બીજી નાનકડી છોકરીઓ જયારે મમ્મીની સાડી તન પર લપેટીને મોટી દેખાવાનો ડોળ કરતી ત્યારથી મૃણાલે ગાયત્રીની જેમ ઇઝલ પર કેન્વાસ ગોઠવીને પેન્ટિંગ્સ દોરતી હોય એવી કલ્પનામાં રાચવાનુ શરૂ કરી દીધું હતું.

નાનકડી હતી ત્યારથી જ પપ્પાની આંગળી પકડીને એ ગાયત્રીના પેન્ટિંગ એક્ઝિબિશનમાં જતી થઈ ગઈ હતી. આ એક અનોખુ વિશ્વ હતુ જ્યાં એની મમ્મી રાજરાણી હતી. મમ્મીની આસપાસ ફરતા ફોટોગ્રાફર અને પત્રકારોને જોઈને મૃણાલ આભી બની જતી. આમ જોવા જાવ તો ગાયત્રી રૂપાળી કહી શકાય એવી કોઈ વ્યાખ્યામાં આવતી નહોતી પરંતુ એ સ્ટાઈલ આઈકૉન હતી. સરસ મઝાની કોલકત્તી રેશમી સાડી કે ક્યારેક માહેશ્વરી સાડી.. લંબગોળ ચહેરા પર ભાલે કોરા કંકુનો મોટો ચાંદલો ગાયત્રીને ખૂબ શોભા દેતો. ગાયત્રીને ક્યારેય કોઈએ પરફેક્ટ મેચિંગમાં જોઈ જ નહોતી અને તેમ છતાં ગાયત્રી જે પહેરતી એ સ્ટાઈલ બની જતી. સાડીની અંદરની નાની અમસ્તી પ્રિન્ટ પકડીને સાડીના કોન્ટ્રાસ્ટનો એ બ્લાઉઝ લેતી અને એ બ્લાઉઝ સાથે મેચ થાય એવા નાજુક દાગીના તો હોય જ. લગભગ કપાળ પરના કોરા કંકુ સાથે એનો બ્લાઉઝ અને ઝીણા અમસ્તા દાગીના જરૂર મેચ થતા. ક્યારેય કશું પણ ગાયત્રી પહેરતી તો જાણે એના માટે જ ડિઝાઈન થયું હોય એવુ પરફેક્શન લાગતું. રેશમી એવા કોરા વાળને એ જરા અમસ્તા ઓળીને હાથથી જ ઢીલો અંબોડો વાળી લેતી. ક્યારેક એ અંબોડો છૂટી જાય તો ફરી એ જ બેફિકરાઈથી વાળી લેવાની એની સ્ટાઈલ તો મૃણાલને એટલી ગમતી કે એના જરા અમસ્તા વધેલા વાળને પણ ગાયત્રીની જેમ ઓળવા અને બાંધવા મથતી. ક્યારેક ગાયત્રી ચૂડીદાર પર લગભગ પગની પાનીથી વ્હેંત અધ્ધર રહે એટલી લંબાઈ ધરાવતું અનારકલી જેવુ પંજાબી પહેરતી. સરસ મઝાના સિલ્કના પંજાબી પર એ એકદમ ભરચક વર્કવાળો દુપટ્ટો નાખતી અને ત્યારે એના કાળા ભમ્મર જેવા રેશમી વાળ છૂટા લહેરાતા મૂકી દેતી. ઉંમર કરતા દસ વર્ષ નાની લાગતી ગાયત્રી તો મૃણાલને બહુ ગમતી.

આ દુનિયા મૃણાલને અજાયબ લાગતી. પપ્પા પણ કેવા બધા સાથે સરસ મઝાની રીતે વાત કરતા? પપ્પા સાથેની વાતોમાંય લગભગ મમ્મીની પ્રસંશા જ સાંભળવા મળતી. અફસોસ આજે ય તો એ વાતનો રહ્યો કે આવું તો ક્યારેય પોતાની સાથે થયુ જ નહીં.

શ્રાવણ મહિનાના તહેવારોમાં શ્રુતિ, શાલ્વી કે શૈલીને એમની મમ્મી સાથે વાર તહેવારે મંદિરે જતા જોયા હતા. મૃણાલ સમજણી થઈ ત્યારથી મમ્મી માટે તો આર્ટ ગેલેરી જ મંદિર હોય એવો ભક્તિભાવ મમ્મીની નજરોમાં જોયો હતો.

શ્રુતિની મમ્મી કહેતી " જયા પર્વતીનુ વ્રત કરીએ ને તો રાજાના કુંવર જેવો વર મળે."

પપ્પાનો મમ્મી તરફનો પ્રેમ જોઈને એ ગાયત્રીને હંમેશાં પૂછતી " હેં મમ્મી તેં પણ જયા પાર્વતીનું વ્રત કર્યુ જ હશે ને?"

ગાયત્રી હસી પડતી અને પુછતી "તારે કરવું છે જયા પાર્વતીનુ વ્રત? તારે જોઈએ છે રાજાના કુંવર જેવો વર?"

પણ ના ! મૃણાલ જેમ જેમ મોટી થતી ગઈ એમ એને હંમેશાં પરીકથામાં આવતા પાંખાળા ઘોડા પર સવાર રાજકુમારના બદલે એને આર્ટ ગેલેરીમાં મમ્મીના ઈન્ટરવ્યુ લેતા જર્નાલિસ્ટમાં વધુ રસ પડતો ગયો. નવોદિત કલાકારો જે અહોભાવથી ગાયત્રીના ચિત્રો સમજવા પ્રયત્ન કરતા એનાથી મૃણાલને મમ્મીમાં વધુને વધુ રસ પડવા લાગ્યો હતો અને મનોમન નક્કી કરી લીધુ હતુ કે એ પણ મમ્મી જેવી સફળ આર્ટિસ્ટ બનશે. એક દિવસ એનીય પાછળ ફોટોગ્રાફર અને પત્રકાર ફરતા હશે. કેમેરાની ફ્લેશ ઝબૂક ઝબૂક થતી હશે અને એ પણ મમ્મીની માફક ઈન્ટરવ્યુ આપશે જે મૃણાલના ફોટા સાથે અખબારની શોભા બનશે. દિવાસ્વપ્નમાં રાચતી મૃણાલ પોતાની જોડે એક એવી વ્યક્તિની કલ્પના કરી લેતી જે પપ્પાની જેમ જ સમજદાર હોય.

પપ્પા જેમ મમ્મીનો આધાર સ્તંભ બની રહ્યા હતા એમ જ એ પણ મૃણાલની સફળતાનો આધાર સ્તંભ બની રહેશે. એ સાવ અજાણ્યા ચહેરામાં મૃણાલ પપ્પાના વ્યક્તિત્વ જેવી વ્યક્તિની છબી જ શોધવા મથતી.

મમ્મી એનો આઇડોલ હતી. તો પપ્પામાં પણ સમસ્ત માનવ જાતની સમજણ આવીને વસી હોય એવુ અનુભવતી. દુનિયાનો કોઈ પણ પુરુષ પપ્પાથી વધુ સારો હોઈ શકે એ જ એની માન્યતાની બહાર હતુ. એનાં જીવનમાં જે આવશે એ ભલેને પાંખાળા ઘોડા પર બેસીને આવતા રાજકુંવર જેવો ન હોય પણ એણે પપ્પા જેવા તો હોવું જ જોઈશે.

આલેખન:રાજુલ કૌશિક

## ગીર સોમનાથ જિલ્લામાંથી મળેલા પેકેટમાં ચરસ જ હોવાનો રીપોર્ટ

જુનાગઢ,તા.૬

ગીર સોમનાથ જીલ્લાના દરીયા કીનારેથી ત્રણ દિવસમાં ૨૭૩ જેટલા નશીલા પદાર્થોના પેકેટ્સ મળી આવેલ હોય અને એફ.એસ.એલ.ના પ્રાથમિક રિપોર્ટમાં આ ચરસ હોવાનો ઘટસ્ફોટ થતા શંકાસ્પદ નશીલા પદાર્થો મળવા અંગે પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરેલ છે.

સંવેદનશીલ ગીર સોમનાથ જિલ્લાના દરીયા કિનારા ઉપરથી પોલીસના સર્ચ ઓપરેશનમાં ત્રણ દિવસમાં બિનવારસુ હાલતમાં નશીલા પદાર્થોના ૨૭૩ જેટલા પેકેટો મળી આવેલ છે અને આ મળી આવેલ પદાર્થ ચરસ હોવાનું એફ.એસ.એલ.ના પ્રાથમિક રીપોર્ટમાં જણાયેલ હોય અને ફાઈનલ રીપોર્ટની રાહ જોવાઇ રહેલ છે.આ મામલે પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.છેલ્લા ત્રણ દિવસથી જિલ્લામાં વેરાવળ-સોમનાથથી લઈને સુત્રાપાડા ધામળેજ બંદર સુધીના દરીયાકાંઠેથી શંકાસ્પદ નશીલા પદાર્થોના પેકેટો મળી રહ્યા છે. જેમાં પ્રથમ દિવસે ૧૬૦ અને બીજા દિવસે ૪૦ ત્યારબાદ ત્રીજા દિવસે સુત્રાપાડા-ધામળેજ બંદર વચ્ચેના કાંઠાના વિસ્તારમાંથી વધુ ૭૩ પેકેટો બિનવારસુ હાલતમાં મળી આવ્યા હતા.

આમ, ત્રણ દિવસમાં નશીલા પદાર્થોના કુલ ૨૭૩ પેકેટો મળી આવ્યા છે. જેમાં ૨૭૩ કિલો જેટલા પદાર્થ છે. આ પદાર્થ અંગે એફ.એસ.એલ. પાસે કરાવેલ પરીક્ષણમાં ચરસ હોવાનું પ્રાથમિક રીપોર્ટમાં સામે આવેલ છે. હજુ ગાંધીનગરથી આવનાર એક રીપોર્ટની રાહ હોવાનું એએસપી ઓમપ્રકાશ જાટ એ જણાવેલ છે. આ મામલે ગુનો નોંધવા પણ તજવીજ પોલીસે હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.ત્રણ દિવસ પહેલા માંગરોળ-આંત્રોલી ગામ વચ્ચેના દરિયાકાંઠેથી ચરસના ૩૯ પેકેટ મળ્યા હતા ત્યાં ફરી વધુ ૫૦ પેકેટ ગઈકાલે મળી આવ્યા હતા. ત્રણ દિવસમાં કુલ ૯૦ પેકેટ માંગરોળ પંથકમાંથી મળી આવ્યા હતા. સ્થાનિક પોલીસ એસ.ઓ.જી. દ્વારા હજુ પણ દરિયાકાંઠે તપાસ ચાલુ હોવાનું જાણવા મળેલ છે. ત્રણ દિવસ પૂર્વે દરિયાકાંઠે કોફી કલરના ૩૯ પેકેટ મળવા પામેલ જેમાં અજાણ્યા શખ્સો સામે મરીન પોલીસમાં ૯ લાખના મુદ્દામાલનો ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો. ફરી ગઈકાલે ૫૦ વધુ પેકેટ માંગરોળ-આંત્રોલી ગામના દરિયા કાંઠેથી મળી આવ્યા છે. જે પેકેટ ચરસના હોવાનું જાણવા મળે છે. અમુક પેકેટો તો અવાવરૂ જગ્યાએથી મળી આવ્યા હતા.

### સૌરાષ્ટ્ર-કચ્છમાં સાર્વત્રિક મેઘમહેર

## વઢવાણમાં પાંચ, ધ્રાંગધ્રામાં ચાર, બોટાદ અને ગઢડામાં સાડા ત્રણ, મહુવા, વલ્લભીપુરમાં ત્રણ ઈંચ



મોરબી ,

હજી ચાર દિવસ ભારેથી અતિભારે વરસાદની આગામહી વચ્ચે સૌરાષ્ટ્રના મોટાભાગનાં જિલ્લામાં વરસાદ વરસી રહ્યો છે. સૌરાષ્ટ્રમાં આજ સુધીમાં સીઝનનો ૬૭.૫૨ ટકા વરસાદ પડી ગયો છે. સમયાંતરે મેઘરાજા પ્રેમ વરસાવી રહ્યા હોયઆ વર્ષ ધાનના ઢગલા ખડકાશે તેવી આશા જગતાત સેવી રહ્યો છે.સૌરાષ્ટ્ર-કચ્છમાં સાર્વત્રીક વરસાદ પડયો હતો. સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમા સૌથી વધુ પાંચ ઈંચ વરસાદસ પડયો હતો જયારે ધ્રાંગધ્રામાં ચાર ઈંચ, લીંબડીમાં અઢી ઈંચ, ચૂડમાં બે ઈંચ મુળી અને દસાડામાં પોણા બે ઈંચ અને સાયલામા એક ઈંચ વરસાદ પડયો હતો. રાજકોટ જિલ્લામાં હળવા ઝાપટા પડયા હતા જોકે સવારે જેતપૂરમાં દોઢ ઈંચ, જામકંડોરણામાં એક ઈંચ વરસાદ પડયો હતો.મોરબી જિલ્લાના હળવદમાં બે ઈંચ, માળીયા મીયાણામાં પોણા બે ઈંચ, ટંકારામાં એક ઈંચ, મોરબીમાં પોણો ઈંચ અને વાંકાનેરમાં અર્ધો ઈંચ વરસાદ પડયો હતો. જામનગર જિલ્લાના ધ્રોલમાં બે ઈંચ, જોડીયામાં સવા ઈંચ, જામનગર અને કાલાવડમાં અર્ધો ઈંચ, વરસાદ પહયો હતો. જયારે પોરબંદર જિલ્લામાં કુતિયાણામાં એક ઈંચ પોરબંદર શહેરમાં સવા ઈંચ, અને રાણાવાવમાં અર્ધો ઈંચ, જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીનામાં દોઢ ઈંહચ, જૂનાગઢ, માણાવદર, માંગરોળ, અને વિસાવદરમાં એક એક ઈંચ વરસાદ વરસી ગયો હતો.

ગીર સોમનાથ જિલ્લામાં ઉનામાં સાડાત્રણ ઈંચ, સુત્રાપાડામાં પોણા બે ઈંચ, ગીરગઢડામાં અઢી ઈંચ, કોડીનારમાં એક ઈંચ, તાલાળામાં સવા ઈંચ અને વેરાવળમાં અધો; ઈંચ અમરેલી જિલ્લાના અમરેલી શહેરમાં પોણાબે ઈંચ, જાફરાબાદમાં એક ઈંચ, સાવરકુંડલામાં એક ઈંચ, બાબરા, લાઠી અને લીલીયામાં અર્ધો ઈંચ, ભાવનગર જિલ્લાના મહુવામં ત્રણ ઈંચ, વલ્લભીપુરમાં અઢી ઈંચ, સિહોરમાં સવા ઈંચ, ઉમરાળા અને જેશરમાં અર્ધો ઈંચ, બોટાદ જિલ્લાના ગઢડા અને બોટાદમાં સાડા ત્રણ ઈંચ રાણપુરમાં બે ઈંચ અને બરવાળામાં દોઢ ઈંચ વરસાદ પડયો છે.કચ્છ જિલ્લાના અંજારમાં અઢી ઈંચ, ભૂજમાં દોઢ ઈંચ, રાપરમાં એક ઈંચ, માંડવી અને ભચાઉમાં અર્ધો ઈંચ વરસાદ પડયો હતો. સવારથી સૌરાષ્ટ્ર-કચ્છમાં મોટાભાગના વિસ્તારમાં વરસાદ વરસી રંહ્યો છે. રાજ્યમાં સિઝનનો ૭૫ ટકા વરસાદ વરસી ગયો: સૌરાષ્ટ્રમાં ૬૭.૫૨ ટકા વરસાદ શ્રાવણ માસમાં અષાઢી માહોલ જોવા મળી રહી છે. રાજ્યમાં ફરી ચોમાસું સક્રિય થવા પામ્યુ છે. આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૩૨ જિલ્લાના ૧૯૦ તાલૂકાઓમાં હળવા ઝાપટાથી લઈ પાંચ ઈંચ સુધી વરસાદ વરસી ગયો હતો. આજથી ચાર દિવસ સુધી હજી મધ્યમથી ભારે અને અમુક વિસ્તારોમાં અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે.સવારથી સૌરાષ્ટ્રમાં મેઘાવી માહોલ છવાયો હતો મોટાભાગના જિલ્લામાં વરસાદ વરસી રહ્યો છે. જેતપુરમાં બે કલાકમાં દોઢ ઈંચ, ઉમરાળામાં સવા અને જામ કંડોરણામાં એક ઈંચ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં ચોમાસાની સિઝન દરમિયાન ૮૫૦ મીમી વરસાદ વરસતો હોય છે. દરમિયાન આજ સુધીમાં ૬૩૫.૪૦ મીમી વરસાદ પડી ગયો છે. સિઝનનો કુલ ૭૪.૭૪ ટકા વરસાદ વરસી ગયો છે. કચ્છમાં ૧૨૧.૬૫ ટકા ઉત્તર ગુજરાતમાં ૬૨.૪૫ ટકા, પૂર્વ મધ્ય ગુજરાત ૬૫.૪૫ ટકા, સૌરાષ્ટ્રમાં ૬૭.૫૨ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૮૬.૨૭ ટકા વરસાદ વરસી ગયો છે.

## સોખડા ધામ ફરી એકવાર વિવાદમાં... મંદિરના શાંત વાતાવરણમાં કાંકરીચાળો થતા પોલીસને વચ્ચે પડવુ પડ્યું



આણંદ,તા.૬

સોખડા સ્વામીનારાયણ મંદિરનો વિવાદ હવે આણંદના બાકરોલ ખાતેના આત્મીય વિદ્યાધામ ખાતે પહોંચ્યો છે. પ્રેમ સ્વરૂપ અને પ્રબોધ સ્વામી જૂથના હરિ ભક્તો ફરી એક વાર સામ સામે આવી જતા બાકરોલ આત્મીય વિદ્યાધામ પર પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો છે.

સોખડા સ્વામિનારાયણ સંપ્રદાયની ગાદીને લઈને પ્રબોધ સ્વામી અને પ્રેમ સ્વામી જૂથ વચ્ચે વિવાદ સર્જાયા બાદ હાઈકોર્ટના આદેશ અનુસાર પ્રબોધ સ્વામી તેમના જૂથના સંતો અને હરિ ભક્તો સાથે આણંદના બાકરોલ આત્મીય વિદ્યાધામ ખાતે રહેવા આવ્યા હતા.

ગત ૨૧ એપ્રિલથી પ્રબોધ સ્વામી અને તેમના જૂથના ૬૪ સંતો અને હરિ ભક્તો આત્મીય વિદ્યાધામ ખાતે નિવાસ કરી રહ્યા છે, ત્યારે આજે પ્રેમસ્વરૂપ સ્વામીના સમર્થક હરિ ભક્તો શ્રાવણ માસને લઈને કાર્યક્રમના આયોજનનાં પોસ્ટરો લગાવવા આત્મીય વિદ્યાધામ જતા તેઓને પ્રબોધ સ્વામી જૂથના હરિ ભક્તો દ્વારા અટકાવવામાં આવ્યા હતા. જેથી મામલો તંગ બન્યો છે. આ મામલે પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મામલો થાળે પાડી પોલીસ તૈનાત કરી દેવામાં આવી હતી.

આ દરમિયાન મોડી સાંજે યોગી ડિવાઈન સમિતિના સેક્રેટરી ડૉ. આશવ પટેલ સહિત ૧૦૦ થી વધુ હરિ ભક્તો આત્મીય વિદ્યાધામ ખાતે પહોંચતા આત્મીય વિદ્યાધામનાં મુખ્ય પ્રવેશ દ્વારને તાળા મારી બંધ કરી દેવાયો હતો. પોલીસે હરિ ભક્તોને અટકાવતા પ્રેમ સ્વરૂપ જૂથના હરિ ભક્તોએ કહ્યું હતું કે, અમે ફક્ત દર્શન કરવા જવા માંગીએ છીએ, પોલીસ અમને રોકી શકે નહીં. ભગવાનનાં દર્શન કરતા રોકી શકાય નહીં. જેથી પોલીસે કહ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે આત્મીય વિદ્યા ધામ ખાતે પ્રવેશ આપી શકાય નહીં. આ મામલે પોલીસ અને હરિભક્તો વચ્ચે મામલો ઉગ્ર બનતા ડીવાયએસપી ભરતસિંહ જાડેજા પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને મામલો થાળે પાડ્યો હતો.

## પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રાજય સરકાર દ્વારા એક જ દિવસમાં રૂ.૭૮.૬૨ કરોડની ફાળવણી કરાઈ

ગાંધીનગર,તા.૬

રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની યાદીમાં જણાવ્યા અનુસાર પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી અંતર્ગત એક જ દિવસમાં ૧૦,૨૫૭ લાભાર્થીઓને વિવિધ તબક્કામાં એક સાથે ૧૩,૪૦૧ હપ્તાઓની રૂ.૭૮.૬૨ કરોડની સહાય ડીબીટી મારફતે સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં ઘર વિહોણા તમામ નાગરિકોના માથે પાક્કી છત એટલે કે પાકા આવાસ ઉપલબ્ધ કરાવીને જીવનધોરણ ઊંચુ લાવવાનો નિર્ધાર કર્યો છે. જેના ભાગરૂપે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારે શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારમાં નવા આવાસો તૈયાર કરીને ઘરવિહોણા નાગરિકોને ઘર આપીને તેમના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કર્યુ છે.

રાજ્યના લાખો નાગરિકો પોતાના ઘરનું સપનું સાકાર કરવા પ્રધાનમંત્રી આવાસ યોજનાના વિવિધ ઘટકો હેઠળ લાભ મેળવતા હોય છે. જે અંતર્ગત બેનેફિશ્યરી લીડ કન્સ્ટ્રકશન ઘટક હેઠળ રાજયના મહાનગરપાલિકા, નગરપાલિકા અને વિવિધ સત્તામંડળ વિસ્તારમાં પોતાની માલિકીની જમીન પર આવાસ બાંધકામ માટે રાજય સરકાર દ્વારા લાભાર્થીઓને કુલ ૬ હપ્તાઓમાં રૂ.૩.૫૦ લાખની સહાય ફાળવવામાં આવે છે.